ક્રિપ્ટો ફંડનાં સપનાં બતાવી નકલી સરકારી બાબુએ 1.24 Cr પડાવ્યા

નકલી સાયબર અધિકારી સાથે વેસુના હિરેન ચેવલીની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે કરાવી હતી ઓળખાણ

ફોરેક્સ ટ્રેડિંગ, સર્વર અને ક્રિપ્ટો ફંડના નામે 10 મહિનામાં કરોડો પડાવ્યા.

સુરત: કરોડો રૂપિયાનું ક્રિપ્ટોકરન્સી ફંડ અને માત્ર 60 દિવસમાં મોટો નફો આપવાની લાલચ આપીને સુરતના પેટ્રોકેમિકલ વેપારી અને તેમના મિત્ર પાસેથી રૂ.1.24 કરોડથી વધુની છેતરપિંડી કરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

વેસુ કેનાલ રોડની પ્રેરણા એન્કલેવ સોસાયટીમાં રહેતા 41 વર્ષીય હિરેન અશોકભાઈ ચેવલી ડુમસ રોડ પર રાજહંસ મોન્ટેસા ખાતે પેટ્રોકેમિકલનો વેપાર કરે છે. નવેમ્બર-2025માં બેંક અને લોનના કામે તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રોહનભાઈ કેલાવાલાને મળ્યા હતા. રોહને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરાવી નફો અપાવવાની વાત કરી પ્રિયાંક સમીરભાઈ વ્યાસ સાથે ઓળખાણ કરાવી હતી. મુંબઈની સનશાઇન હોટલમાં મુલાકાત દરમિયાન પ્રિયાંકે પોતે સાયબર ફોરેન્સિક નિષ્ણાત હોવાનું જણાવી સરકારી વિભાગ જેવું ઓળખકાર્ડ બતાવ્યું હતું. પ્રિયાંકે 22 જાન્યુઆરી પહેલાં ટર્મિનલનું આઇપી રિન્યુ કરવા રૂ.18 લાખની જરૂર હોવાનું અને 60 દિવસમાં રૂ.30 લાખ પરત આપવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત પોતાના વ્યવસાયમાં 20 ટકા ભાગીદારીની ઓફર કરી હતી.

જાન્યુઆરીમાં હિરેનભાઈએ ગણેશ શિંદે મારફતે રોહનની ઓફિસે રૂ.18 લાખ રોકડા મોકલ્યા હતા. ત્યારબાદ BOTIM એપના ગ્રુપમાં ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન, સોફ્ટવેર અપડેટ અને પ્રિ-ઓથોરાઇઝ્ડ કાર્ડની ચર્ચા શરૂ થઈ હતી. ત્યારબાદ પ્રિયાંકે અલગ-અલગ બહાનાં હેઠળ નાણાં માંગવાનું શરૂ કર્યું હતું. ફરિયાદ મુજબ કુલ રૂ.1,29,25,100માંથી માત્ર રૂ.4.70 લાખ પરત મળ્યા હતા. આંગડિયાના ખર્ચ બાદ રૂ.1,24,53,900ની રકમ બાકી રહી હતી. પ્રિયાંક વ્યાસે અલગ-અલગ બહાનાં હેઠળ નાણાં મેળવ્યા હોવાનો અને રોહન કેલાવાલાએ તેની સાથે ઓળખાણ કરાવી સમગ્ર વ્યવહારમાં ભૂમિકા ભજવી હોવાનો આક્ષેપ છે. પોલીસે બંને સહિત તપાસમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓની ભૂમિકા, નાણાંના વ્યવહારો અને ક્રિપ્ટો વોલેટની વિગતોની તપાસ કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

રાજચિહ્નવાળું કાર્ડ બતાવી સરકારી અધિકારી હોવાનો વિશ્વાસ અપાવ્યો

પ્રિયાંક વ્યાસે પોતાની ઓળખ 'સાયબર ફોરેન્સિક ડિપાર્ટમેન્ટ'ના નિષ્ણાત તરીકે આપી હતી. તેણે ભારતનું રાજચિહ્ન અને 'સત્યમેવ જયતે' લખેલું કાર્ડ બતાવ્યું હતું. કાર્ડ પર 'Dr. Priyank Samirbhai Vyas - Forensic Cyber Crime Specialist' લખેલું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ઉપરાંત સરકારી બોર્ડ લગાવેલી કાર હોવાનું પણ બતાવ્યું હતું. શરૂઆતમાં 60 દિવસમાં રૂ.30 લાખ પરત આપવાની ખાતરી આપી રૂ.18 લાખ રોકડા મેળવ્યા હતા. ફરિયાદમાં આ ઓળખ અને દસ્તાવેજોની સત્યતા સામે પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

ક્યારેક રૂ.153 કરોડનું ફંડ તો ક્યારેક 1625 ઇથેરિયમનો દાવો

ફરિયાદ મુજબ પ્રિયાંક વ્યાસે જુદા-જુદા તબક્કે મોટા ફંડના સ્ક્રીનશોટ બતાવી વેપારી પાસે નાણાં માંગ્યાં હતાં. ક્યારેક રૂ.15 કરોડના સર્વર ફંડનું આઈપી ખરીદવાનું, તો ક્યારેક આર્જેન્ટિનાના રૂ.153 કરોડના ફંડને મોનેટાઇઝ કરવાનું બહાનું આપ્યું હતું. ત્યારબાદ 1625.03 ઇથેરિયમ ટ્રાન્સફર કરવા માટે ગેસ ફી અને વોલેટ ઓડિટના નામે રૂ.34.75 લાખના USDT મેળવ્યા હતા. આ ઉપરાંત 160 બિટકોઇનના કામમાંથી 1.96 BTC સુશીલભાઈના વોલેટમાં ટ્રાન્સફર કરવાની વાત કરી રૂ.6.55 લાખના USDT મેળવ્યા હતા.

વોલેટમાં કરોડોનું ફંડ હોવાના દાવા પણ રકમ નહીં

લાંબા સમય સુધી નાણાં પરત નહીં મળતાં વેપારીએ Etherscan, Blockscout, mempool.space અને Blockstream જેવી વેબસાઇટ પર તપાસ કરી હતી. તેમાં 1625.03 ETHના દાવા સામે માત્ર 0.01384 ETHનો વ્યવહાર નોંધાયેલો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આશરે 10 લાખ USDT જમા થયાનો દાવો કરાયેલા વોલેટમાં પણ આવી રકમ મળી નહોતી. 1.96 BTC મોકલ્યાનું બતાવેલા વોલેટમાં બિટકોઇન જમા થયાનું જણાયું નહોતું. વધુમાં, ટ્રેસ રિપોર્ટમાં દર્શાવેલા IP એડ્રેસ પણ અમાન્ય હોવાનું વેપારીએ તપાસમાં શોધી કાઢ્યું હતું. આથી વોટ્સએપ મારફતે મોકલાયેલા દસ્તાવેજો બનાવટી હોવાની શંકા વ્યક્ત કરી તેમની નકલો સાઇબર ક્રાઇમ પોલીસને સોંપવામાં આવી છે.

રન ફોર યુનિટી, સરદાર જયંતીએ સુરતીઓ દોડ્યા



■ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ સુરતમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેમાં અઠવાલાઇન્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી રન ફોર યુનિટી યોજાઈ હતી જેમાં હજારો સુરતીઓએ ભાગ લીધો હતો. **(તસવીર: સતીષ જાદવ)**

શનિ-રવિની રજામાં પણ સુરત RTOમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ચાલુ

શનિવારે એક જ દિવસમાં 364 વાહનચાલકે ટેસ્ટ આપી, આજે રવિવારે પણ ટેસ્ટ લેવાશે



સુરત: દિવાળીની રજાઓ પહેલાં સુરતવાસીઓ માટે વાહન ચલાવવું અને લાઇસન્સ મેળવવું હવે વધુ સરળ બન્યું છે. દિવાળીના પાવન અવસર પર નાગરિકોને વતન જવા કે હરવા-ફરવા માટે કોઈ અગવડ ન પડે અને તેઓ સમયસર ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવી શકે તે માટે સુરત પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી (RTO) દ્વારા એક સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે.

તહેવારોની સત્તાવાર રજાઓ અગાઉ નાગરિકોની સુવિધા માટે સુરત આરટીઓ દ્વારા શનિ અને રવિવારની રજાઓમાં પણ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ચાલુ રાખવામાં આવ્યો છે. આ વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે આજના શનિવારે તા. ૩૧ ઓક્ટોબરે મોટી સંખ્યામાં અરજદારોએ આરટીઓ ટ્રેક પર ઉપસ્થિત રહીને પોતાની ડ્રાઈવિંગ ટેસ્ટ આપી હતી. આજની આ ડ્રાઈવિંગ ટેસ્ટમાં ફોર વ્હીલર અર્થાત્ એલએમવી (LMV) કેટેગરીના ૧૪૪ અને ટુ વ્હીલર (દ્વિચંકી વાહન) કેટેગરીના ૨૨૦ વાહનચાલકો મળીને કુલ ૩૬૪ વાહનચાલકોએ ટેસ્ટ આપી હતી.

આરટીઓ તંત્રની આ સમયસૂચકતા અને સક્રિયતાના કારણે નાગરિકોના સમયનો બગાડ અટક્યો છે અને કામગીરી પણ ઝડપી બની છે. શનિવારની સફળ કામગીરી બાદ હવે આવતીકાલે રવિવારે પણ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલુ જ રહેશે. જે અરજદારોના ટેસ્ટ સ્લોટ રવિવાર માટે નક્કી થયા છે તેઓ નિયત સમયે આરટીઓ ટ્રેક પર પહોંચીને પરીક્ષા આપી શકશે. આરટીઓ તંત્રના આ પગલાથી દિવાળીના તહેવારો પહેલાં લાયસન્સ મેળવવાની રાહ જોઈ રહેલા અસંખ્ય વાહનચાલકોને મોટી રાહત મળી છે.

સંક્ષિપ્ત સમાચાર

પ્રો. રંગરાજન અને ડો. પ્રીતિ અદાણીની ઉપસ્થિતિમાં અદાણી યુનિ.નો દીક્ષાંત સમારોહ યોજાયો



અમદાવાદ: અદાણી યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં ભારતીય વિજ્ઞાન સંસ્થાના નિયામક પ્રો. ગોવિંદન રંગરાજને AIની સંભાવનાઓ અને જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે AI શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનમાં નવી તકો ઊભી કરી જટિલ સમસ્યાઓના ઉકેલમાં મદદરૂપ બની શકે છે, પરંતુ સત્ય, વિશ્વાસ અને માનવીય સંબંધો સામે પણ પડકાર ઊભા કરી શકે છે. અદાણી યુનિવર્સિટીના પ્રમુખ ડો. પ્રીતિ અદાણીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીને સંશોધન આધારિત અગ્રણી સંસ્થા બનાવવાની દિશામાં પ્રયાસો ચાલી રહ્યા છે. ઉદ્યોગ અને શિક્ષણ જગતના પરસ્પર સહયોગથી વાસ્તવિક પડકારોના નવા ઉકેલો મળી શકે છે. તેમણે વિદ્યાર્થીઓને સમાજના વંચિત વર્ગો સુધી પહોંચે તેવી ક્રાંતિકારી શોધ અને નવીન પહેલ કરવા અનુરોધ કર્યો હતો. સમારોહમાં 2026ના બેચના કુલ 374 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ હતી. શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ પાંચ સુવર્ણ, ત્રણ રજત અને બે કાંસ્ય સહિત 10 પદકો એનાયત કરાયા હતા.

શ્રીલંકામાં 50-બોલ્સ ક્રિકેટમાં સુરતના માસમાના બે ખેલાડીનો ડંકો



સુરત: ઓલપાડના માસમા ગામના બે યુવા ક્રિકેટરોએ શ્રીલંકાના કોલંબોમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય 50-બોલ્સ ક્રિકેટ શ્રેણીમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જૈમિનકુમાર બિપિનભાઈ માલવિયાએ 'બેસ્ટ પ્લેયર ઓફ સિરીઝ'નો ખિતાબ જિત્યો હતો, જ્યારે દિહાન ચેતનભાઈ પટેલે 'મોસ્ટ ઇમર્જિંગ પ્લેયર'નો પુરસ્કાર મેળવી સુરત અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. બંને ખેલાડીઓના કોચ ઇકરામુલ પઠાણે તેઓની આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યાં છે.

યુવા પેઢી પાસે સંવેદનશીલતા તો બિલકુલ નષ્ટ થઇ ગઇ છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડી: શ્રી ગોકુળનગર નગરના જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચનપ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગ સરિતા વહાવતા જણાવ્યું હતું કે, રાષ્ટ્ર, સંસ્કૃતિ અને ધર્મના વિઘાતક બળોનો પ્રતિકાર કરવો એ સામ્પ્રત સમયની માંગ છે. રાષ્ટ્ર અત્યારે ઘણી બધી વિકરાળ સમસ્યાઓથી ઘેરાયું છે. પડોશી દેશો પણ છાશવારે ને છાશવારે આપણા રાષ્ટ્રને કનડગત કરતા હોય છે. અમેરિકા, ચીન અને પાકિસ્તાન હરામનું હડપ કરવા માટે માહીર હોય છે. આવા સમયે આપણે "મૌનીબાબા" બનીને બેસી રહીએ તે યોગ્ય નથી. સંસ્કૃતિ ઉપર પણ હિચકારા હુમલા થઇ રહ્યા છે. પશ્ચિમનાં વિલાસી ઝંઝાવાતી વાયરાઓએ યુવાપેઢીને નિષ્ક્રીય, નિર્માલ્ય અને નિ:સત્વ બનાવી દીધી છે.

શ્રી પટેલ પ્રગતિમંડળ દ્વારા ૩૫મો ઈનામ વિતરણ સમારોહ યોજાયો



સુરત: શ્રી પટેલ પ્રગતિમંડળ તરફથી ૩૫મો ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. મંડળના સુરત વિભાગના અધ્યક્ષ રમેશચંદ્ર જે.પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. સમારોહના પ્રમુખ પ્રવીણભાઈ બાબુભાઈ પટેલ, ઉષાબેન પ્રવીણભાઈ પટેલ તરફથી મંડળને રૂ.૩ લાખનું દાન પ્રાપ્ત થયું હતું. એલ.એન્ડ.ટી.ના જનરલ મેનેજર મહેશભાઈ જોષીએ સીએસઆર ફંડમાંથી તાલીમ ભવન માટે ૮૦ લાખ જેટલી રકમનું ફર્નિચર તથા ક્લાસિસ માટે દાન આપ્યું હતું. નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર સતીષચંદ્ર આઈ. પટેલે રૂ.૨૫૦૦૦નું દાન આપ્યું હતું. સમારોહમાં પૂર્વ ધારાસભ્ય ધનસુખ એન.પટેલ, ડો.અનિલ પટેલ, કૌશિક પટેલ, યશમાવાલા, સુરેશભાઈ આર.પટેલ, ધર્મેન્દ્ર જે.પટેલનાં પુત્રી મેનેજિંગ ડિરેક્ટર ધ્રુવ મોર્ટસનાં નેહા પટેલ હાજર રહ્યાં હતાં. મંડળ તરફથી નર્સરીથી લઈ કોલેજ સુધીના સમાજના ૧૭૬૦ વિદ્યાર્થીને મહાનુભાવોના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં. આભારવિધિ મંડળના મંત્રી મનોજ પટેલ તરફથી કરવામાં આવી હતી.

ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સ, સુરત ખાતે સરદાર જયંતી નિમિત્તે મેકર્સ ડે યોજાયો



સુરત : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સ, સુરત ખાતે 'SARDAR - THE MAKER OF UNITY' થીમ સાથે વિશિષ્ટ મેકર્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિવિધ ક્લબ અને વિભાગોને એકસૂત્રમાં સાંકળીને આયોજિત આ કાર્યક્રમમાં Social Activity, Creativity અને Innovation દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા અને નવીન વિચારો રજૂ કરવાની તક આપવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય વિનુ મોરડિયા, ડો. ભગીરથસિંહ પરમાર, દક્ષેશ માવાણી, પિયુષભાઈ, રઘુ ખુંટ, મહેશ પટેલ, ડો. સાધના સાવલિયા અને શ્રીમતી દેવિલા મિસ્ત્રી સહિત નયઓ દ્વારા વિદ્યાર્થીઓની કૃતિ નિહાળવામાં આવી હતી. ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સ, સુરતના મેનેજિંગ ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, ઉત્સાહ અને નવીન અભિગમને બિરદાવ્યા હતા.

પંચમ ગ્રુપ દ્વારા રવિવારે મનોજકુમાર-રાજેન્દ્રકુમાર, માલાસિંહા-વૈજયંતીમાલાનાં ગીતોની સ્પર્ધા

સુરત: 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા અભિનેતા મનોજકુમાર અને રાજેન્દ્રકુમાર તેમજ અભિનેત્રી માલા સિંહા અને વૈજંતીમાલાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૯ નવેમ્બરના બપોરે પથી ૮, આલાપ સ્ટુડિયો, નિશાલ આર્કેડ, નિશાલ સર્કલ, પાલ ખાતે રાખવામાં આવ્યો છે.

SVNIT એલ્યુમની એસો. સુરત ચેપ્ટર દ્વારા 'રમઝટ 2026'નું આયોજન કરાયું



સુરત: SVNIT એલ્યુમની એસોસિએશન સુરત ચેપ્ટર દ્વારા પોસ્ટ નવરાત્રી રાસ ગરબા ઉત્સવ 'RAMZAT - 2026' નું ભવ્ય આયોજન SVNIT કેમ્પસ, ઇચ્છાનાથ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં 400થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે કલેક્ટર તેજસ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સુરત ચેપ્ટરના પ્રમુખ તુષાર મહેતાએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે સૌએ સાથે મળીને ગરબાની રમઝટ માણી હતી.

કાપોદ્રાના હત્યા કેસમાં મુખ્ય આરોપીને આજીવન કેદની સજા

પત્નીની છેડતી કરી હોવાની શંકા રાખી છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી

સુરત: પત્નીની છેડતી કરી હોવાની શંકા રાખી ઘરમાં ઘૂસી મૃતકને છરીનાં ઘા ઝીંકી લાકડાના ફટકા મારી હત્યા કરનાર આરોપી મહાદેવ ઉર્ફે મહાકાલ ઉર્ફે લંબુ મનોહર વિશ્વકર્માને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા અને ૩૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

આ કેસની વિગત એવી હતી કે આરોપી મહાદેવ ઉર્ફે મહાકાલ ઉર્ફે લંબુ મનોહર વિશ્વકર્માની પત્નીની કાપોદ્રા ગાયત્રીનગર વસાહતમાં રહેતા મૃતક લાલચંદ મેવાભાઈ રાજભરે છેડતી કરી હોવાની શંકા રાખી તા. ૧૦/૧૧/૨૦૨૩ ના રોજ સાંજના સમયે મૃતકનાં ઘરમાં ઘૂસી છરીનાં ઉપરાછાપરી ઘા ઝીંકી હત્યા કરી હતી. આ બનાવ અંગે મૃતકની પત્ની નગીનાદેવીએ કાપોદ્રા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ત્રણ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ દેવેન્દ્ર સુરેશભાઈ જોષીની કોર્ટમાં ચાલી હતી.

સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ પુરાવા રજૂ કરી દલીલો કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી મહાદેવ ઉર્ફે મહાકાલને આજીવન કેદની સજા ફટકારી ૧૦ હજારનો દંડ કર્યો હતો.

જ્યારે આરોપી સંજય ઉર્ફે લાલો હસમુખભાઈ પરમારને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. જ્યારે આરોપી હાજરા ઉર્ફે ગુડ્ડી વિરુદ્ધ અલગથી ચાર્જશીટ રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો હતો.

શહેરમાં તાવ, ડેન્ગ્યુ અને કમળામાં 9 માસની બાળકી સહિત ત્રણનાં મોત

કઠોરમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઇટ પર કામ કરતા 33 વર્ષીય શ્રમિકનું ડેન્ગ્યુથી મોત

પાંડેસરામાં તાવ-ઊલટીથી બાળકી અને કમળાની બીમારીથી શ્રમિક યુવકનું મોત

સુરત: છેલ્લા કેટલાક દિવસથી બીમારીની ઝપેટમાં આવેલા 33 વર્ષીય શ્રમિક યુવક સહિત ત્રણનાં સારવાર દરમિયાન મોત નિપજ્યાં હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાંડેસરાના તૃપ્તિનગરમાં રહેતા રિક્ષાચાલક અનિલ યાદવની 9 મહિનાની પુત્રી પલ્લવીને ચાર દિવસ પહેલાં તાવ આવ્યો હતો. આજે બપોરે તેને પાણી પીવડાવતી વખતે અચાનક ઊલટી થઈ હતી અને ત્યારબાદ તેની તબિયત વધુ બગડી હતી. જેથી પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સની મદદથી બાળકીને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. જોકે, અહીં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

બીજા બનવામાં, મૂળ રાજસ્થાનના શિખરના વતની અને હાલ પીપોદરા ગામમાં રહેતા 33 વર્ષીય મુકેશકુમાર હરિરામ જાખડ કઠોર ગામ નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઈટ પર મજૂરી કામ કરતા હતા. છેલ્લા કેટલાક દિવસથી તેમને તાવ અને ઉલટીની તકલીફ હતી. ખાનગી દવાખાનામાં કરાવેલા રિપોર્ટમાં ડેન્ગ્યુ હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન કાલે સવારે તેઓ નોકરી પર ગયા હતા ત્યારે અચાનક તેમની તબિયત લથડી હતી. જેથી તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ત્રીજા બનાવમાં, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ પાંડેસરાના લક્ષ્મીનારાયણ નગરમાં રહેતા 34 વર્ષીય સચિન મહાદુ આહીર મજૂરી કામ કરતા હતા. છેલ્લા કેટલાક દિવસથી તેઓ કમળાની બીમારીથી પીડાતા હતા. દરમિયાન આજે સવારે તેઓ ઘરમાં અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આમ, એક જ દિવસમાં બીમારીના કારણે બાળકી સહિત ત્રણનાં મોતથી ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

જૂની મહાવીર હોસ્પિટલના સ્ટાફ ક્વાર્ટર્સમાં આગ લાગી

સુરત : સગરામપુરા છાપગર શેરીની બાજુમાં આવેલી જુની મહાવીર હોસ્પિટલનાં સ્ટાફ ક્વાર્ટર્સમાં શનિવારે સવારનાં સમયે રેફ્રિજરેટરમાં શોર્ટ સર્કિટ બાદ આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી જવા પામી હતી. સવારે 9:45 કલાકે મકાન માલિક કૃણાલ પટેલનાં ફ્લેટનાં રેફ્રિજરેટરમાં અચાનક શોર્ટ સર્કિટ થયો હતો. ઘરનાં સભ્યોએ ફાયર કંટ્રોલને બનાવની જાણ કરતા ફાયર બ્રિગેડનો સ્ટાફ સ્થળ ઉપર તુરંત જ પહોંચી ગયો હતો. ફાયર સુત્રોએ જણાવ્યું હતુ કે, શોર્ટ સર્કિટ થયા બાદ રેફ્રિજરેટરમાં આગ ભડકી ઉઠી હતી. તેથી ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે તુરંત જ પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં જ આગને કાબુમાં કરી લીધી હતી. આગ લાગવાને કારણે આખુ રેફ્રિજરેટર બળીને ખાખ થઈ ગયુ હતુ. બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

રામપુરા પોલીસ ક્વાર્ટર્સની લિફ્ટમાં બાળક ફસાયું

સુરત: શુક્રવારે મોડી રાત્રે રામપુરા પોલિસ લાઈનમાં ચોથા માળે લિફ્ટ ખોટકાઈ જતાં તેમાં એક દસ વર્ષનું બાળક ફસાઈ ગયું હતું. રામપુરા પોલિસ લાઈનમાં બિલ્ડિંગ-નં બી-2 ની લિફ્ટમાં 10 વર્ષીય આર્યસિંગ ગોહિલ હતો. દરમિયાન લિફ્ટ ચોથા માળ ઉપર આવીને અધવચ્ચે અટકી ગઈ હતી. લિફ્ટ એકાએક ખોટકાઈ જતા આર્યસિંગે બુમાબુમ કરી નાખી હતી, તેથી બિલ્ડિંગમાં રહેતા અન્ય સભ્યો એકત્ર થઈ ગયા હતા. બાદમાં તેમણે ફાયર કંટ્રોલને જાણ કરી હતી. તેથી ઘાંચી શેરી ફાયર કાફલો તુરંત જ સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર બ્રિગેડનાં જવાનોએ સ્ક્રેડર ટુલ્સનો ઉપયોગ કરી લિફ્ટનો દરવાજો પહોળો કરી બળકનું રેસ્ક્યુ કરી લીધું હતું. કોઈ ટેક્નિકલ ખામીને કારણે લિફ્ટ ખોટકાઈ ગઈ હોવાનું સબ ફાયર ઓફિસર મુહેશ પટેલે જણાવ્યું હતું.

જૂની કારના ડીલરોને હવે શો રૂમના ભાડા, રિપેરિંગ ખર્ચ પર ITCનો લાભ

કારના વ્યવસાય સાથે સંકળાયેલા અન્ય તમામ ઓપરેટિંગ અને મેઇન્ટેનન્સ ખર્ચ પર વેપારીઓ પૂરેપૂરી ITC ક્લેઇમ કરી શકશે

સુરત: સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સેસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા જૂની કારના ડીલરોની લાંબા સમયથી ચાલી આવતી મૂંઝવણનો અંત લાવવામાં આવ્યો છે. કાર સિવાયના અન્ય વ્યવસાયિક ખર્ચ જેવા કે શોરૂમનું ભાડું, રિપેરિંગ અને માર્કેટિંગ પર હવે પૂરેપૂરી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મળશે. સરકારના આ નિર્ણયથી સુરત સહિત સમગ્ર રાજ્યના સેકન્ડ હેન્ડ કારના વેપારીઓનો ઓપરેટિંગ ખર્ચ ઘટશે અને બિઝનેસ વધુ સરળ બનશે.

ક્યા ખર્ચ પર મળશે આઇટીસીનો લાભ?

વેપારીઓની આ વ્યાપક મૂંઝવણને ધ્યાનમાં રાખીને CBIC એ હવે સ્પષ્ટ આદેશ કર્યો છે કે સીધી રીતે જૂની કારની ખરીદી પર તો ITC નહીં જ મળે, પરંતુ કારના વ્યવસાય સાથે સંકળાયેલા અન્ય તમામ ઓપરેટિંગ અને મેન્ટેનન્સ ખર્ચ પર વેપારીઓ પૂરેપૂરી ITC ક્લેમ કરી શકશે. આ નવા નિયમ હેઠળ વેપારીઓને ગ્રાહકને વાહન વેચતા પહેલાં તેની મરામત અને સર્વિસિંગ પાછળ થતો ખર્ચ, કારને અપડેટ કરવા કે રિપેર કરવા માટે ખરીદવામાં આવતા સ્પેરપાર્ટ્સ પર ચૂકવેલ જીએસટી તેમજ બિઝનેસ માટે રાખવામાં આવેલી પ્રોપર્ટી કે શોરૂમના માસિક ભાડા પર લાગતો ટેક્સ ઉપરાંત ગ્રાહકો સુધી પહોંચવા માટે કરવામાં આવતી પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓનો ખર્ચ અને બિલિંગ કે મેનેજમેન્ટ માટે ઉપયોગમાં લેવાતા કમ્પ્યુટર અને સોફ્ટવેર પાછળનો ખર્ચ મજરે મળશે.

વેપારી વર્ગમાં ખુશીની લહેર

વેપારીઓનું માનવું છે કે અગાઉ ભાડા અને રિપેરિંગ જેવા ખર્ચ પર ટેક્સ ક્રેડિટ ન મળવાને કારણે બિઝનેસ પર વધારાનો આર્થિક બોજ પડતો હતો. હવે નિયમો સ્પષ્ટ થવાથી અને અન્ય ખર્ચાઓ પર આઇટીસીનો લાભ મળવાથી તેમનો ઓપરેટિંગ ખર્ચ ઘટશે, જેનાથી ધંધો વધુ નફાકારક અને વ્યવસ્થિત બનશે.

સરકારની સર્વોચ્ચ સંસ્થા CBIC દ્વારા તાજેતરમાં જ એક સ્પષ્ટતા કરવામાં આવી છે, જેનાથી જૂની કારના વેપારીઓની ટેક્સ સંબંધિત મોટી ચિંતાઓ દૂર થઈ છે.

મુંબઈની 3 પેઢીના વેપારી સાથે રૂ.4.99 લાખની ઠગાઈ

કુર્તી-ટોપના કાપડનો માલ મંગાવી પેમેન્ટ નહીં ચૂકવ્યું, ચાર સામે ગુનો

સુરત: સુરતના ભટારના આશીર્વાદ કોમ્પ્લેક્સમાં રહેતા અને ગારમેન્ટનો વેપાર કરતાં જીતેન્દ્ર હરિજીભાઈ ગામી સાથે મુંબઈની 3 પેઢીના સંચાલકો અને એક કાપડ દલાલે મળીને કુલ રૂ.4,99,565ની ઠગાઈ કરી છે.

કાપડ દલાલ રામભાઈ પ્રજાપતિએ ખાતરી આપતા વેપારીએ જાન્યુઆરીથી એપ્રિલ 2025 દરમિયાન મુંબઈના ગૌસ્વામી લાલગર ઉર્ફે કિશન ઉર્ફે લાલો ભિખાગરની પ્રિન્સ એપરલને રૂ.5.68 લાખનો, પ્રિયા ક્રિએશન પેઢીમાં રૂ.1.15 લાખનો અને સુનિલકુમાર ઉપાધ્યાયની ઓમકુમાર ટેક્સટાઇલ પેઢીમાં 71 હજારનો કાપડનો માલ મોકલ્યો હતો. પેમેન્ટની ઉઘરાણી કરતાં પ્રિન્સ એપરલ તરફથી રૂ.39,430નો માલ પરત કરવામાં આવ્યો હતો. તમામ હિસાબ બાદ પ્રિન્સ એપરલ પાસેથી રૂ.3,19,111 સહિત ત્રણેય પેઢીઓ પાસેથી કુલ રૂ.4,99,565ની રકમ લેવાની બાકી નીકળતી હતી. વારંવાર ઉઘરાણી કરવા છતાં પેમેન્ટ નહીં ચૂકવાતાં જીતેન્દ્રભાઈએ પ્રિન્સ એપરલના સંચાલક લાલગર ઉર્ફે કિશન ઉર્ફે લાલો ભિખાગર, પ્રિયા ક્રિએશનના મહેન્દ્ર માનસી ગડા, ઓમકુમાર ટેક્સટાઇલના સુનિલકુમાર ઉપાધ્યાય અને દલાલ રામભાઈ પ્રજાપતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ચારેયએ ભેગા મળી માલ મેળવી નાણાં નહીં ચૂકવી વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે .સલાબતપુરા પોલીસે ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.